# રીશફલીંગ તથા વધારાની ફાઇનલ સીલેકશન એન્ડ રેકમન્ડેશન યાદીમાં સમાવિષ્ટ ઉમેદવારો અંગેની વિગતવાર સુચના

- કર્મચારી/ઉમેદવારે સ્વખર્ચે આવવાનું રહેશે.
- કર્મચારી/ઉમેદવારે જાતે અવશ્ય હાજર રહેવુ અને જે કોઇ પણ ઉમેદવાર હાજર રહેશે નહી તો તેઓને અગાઉ ઓનસ્ક્રિન ફાળવવામાં આવેલ જિલ્લો માન્ય છે તેમ માનીને આગળ જરૂરી કાર્યવાહી કરવામાં આવશે અને તેવા ઉમેદવારોનો અત્યારે કે ભવિષ્યમાં પુનઃ જિલ્લા ગોઠવણી અંગેનો કોઇ હકક રહેશે નહિ.
- અગાઉ સબંધિત સીલેકશન કેટેગરીમાં નિમણુંક પામેલ મેરીટોરીયર્સ ઉમેદવારોની પુનઃ જિલ્લા ગોઠવણી(Reshuffling)ની કામગીરી પુરી થયા બાદ જ વધારાની આખરી પસંદગી યાદીમાં પસંદ થયેલા ઉમેદવારોને તેમની સીલેકશન કેટેગરી, મેરીટ અને તત્સમયે ઉપલબ્ધ જગ્યાના આધારે ઓનસ્ક્રિન જિલ્લા ફાળવણી કરવામાં આવશે.
- રીશફલીંગ કાર્યક્રમમાં અગાઉ બોર્ડ ધ્વારા અગાઉ જે જિલ્લામાં ફાળવણી કરેલ હોય અથવા અગાઉના રીશફલીંગ કાર્યક્રમ અન્વયે અન્ય જિલ્લામાં એટલે કે જુના જિલ્લામાંથી હાલ નવા જિલ્લામાં ફરજ બજાવતા તેવા ઉમેદવારોના કિસ્સામાં હાલ જે જિલ્લામાં/કચેરીમાં ફરજ બજાવે છે, તે કચેરીના વડાનું "ઉમેદવાર હાલ નોકરીમાં ચાલુ હોવા અંગેનું" પ્રમાણપત્ર અસલમાં રીશફલીંગ સમયે જે તે ઉમેદવારે અચુક રજુ કરવાનુ રહેશે.
- કોઇ કારણસર સબંધિત કર્મચારી/ઉમેદવાર જાતે હાજર રહી શકે તેમ ન હોય તેવી પરિસ્થિતિમાં ઓથોરીટી લેટર સાથે અધિકૃત કરેલ વ્યકિતને હાજર રાખી શકશે. સદર ઓથોરીટી લેટર ઉપર કર્મચારી/ઉમેદવારનો અને જેને અધિકાર આપેલ છે તે વ્યકિતનો ફોટો ચોટાડેલ હોવો જોઇએ અને સદર બંને ફોટા ઉપર સબંધિત કર્મચારી/ઉમેદવારે સહી કરેલ હોવી જોઇએ.સદર અધિકૃત કરેલ વ્યકિત ધ્વારા કરવામાં આવેલ કાર્યવાહી સબંધિત કર્મચારી/ઉમેદવારને બંધનકર્તા રહેશે. અધિકૃત કરેલ વ્યકિતએ પોતાના ઓળખપત્રની અસલ અને ઝેરોક્ષ નકલ સાથે રાખવી.
- કર્મચારી/ઉમેદવારે તેઓને આપવામાં આવેલ અસલ નિમણુંક હુકમ અને ઝેરોક્ષ સાથે લાવવાની રહેશે.
- આ પ્રક્રિયાના કારણે પુનઃ જિલ્લા ગોઠવણી **(Reshuffling) અંગે કર્મચારી/ઉમેદવારનો કોઇ કાયદેસરનો હકક બનશે નહિ અને બોર્ડનો નિર્ણય આખરી ગણવામાં આવશે.**
- રીશફલીંગના સુચિત કાર્યક્રમમાં જરુર જણાયે ફેરફાર કરવાનો, મુલત્વી રાખવાનો/રદ કરવાનો અધિકાર બોર્ડને રહેશે.
- રીશફલીંગ કાર્યક્રમની વિગતવાર વિગતો માટે તેમજ કેટેગરીવાઇઝ/જિલ્લાવાઇઝ ખાલી જગ્યાની વિગતો માટે પંચાયત વિભાગની વેબસાઇટ http://panchayat.gujarat.gov.in જોવા વિનંતી છે.